
## હરિની દ્રષ્ટિ...




બાપુ... હવે તમારી દાંડીયાત્રાના રસ્તે સીધા જવાનાં બદલે 'રિવર્સ' જવા લાગ્યા છે...!!!

# રાંધેજા અને રૂપાલ ગામમાંથી ૭ જુગારીઓ પકડાયા

ગાંધીનગર, તા. ૧૩

પેથાપુર પોલીસે આજે રૂપાલ અને રાંધેજા બંને ગામોમાં દરોડા પાડીને બે સ્થળેથી જુગાર રમી રહેલા ૭ શખ્સોને પકડી પાડ્યા છે. જ્યારે રાંધેજામાં દરોડા દરમ્યાન નાસભાગમાં પાંચ જુગારીઓ ફરાર થઈ ગયા હતા. પેથાપુર પોલીસે બંને દરોડામાં રૂ. ૬૬,૭૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ફરાર થઈ ગયેલા પાંચ શખ્સોની શોધખોળ આરંભી છે.

પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળા તથા તેમની ટીમે બપોરે પોણા બે વાગ્યાના અરસામાં બાતમીને આધારે રૂપાલ વરદાયીની મંદિર સામે બસસ્ટેન્ડ પાસે દરોડો પાડી જુગાર રમી રહેલા ત્રણ શખ્સો શૈલેષ નટવર પટેલ, રૂપેશ ચંદુ દંતાણી અને રમણ કાંતી રાવળને રૂ. ૧૫૦૦ રોકડ મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. ત્રણેયની ધરપકડ કરી પેથાપુર પોલીસે કાર્યવાહી કરી છે. સાંજે પાંચ વાગ્યાના અરસામાં બાતમીને આધારે રાંધેજા ગામમાં ખરાબા પાસે દરોડો પાડી પોલીસે રાંધેજાના અંકિત મધુસુદન રાવલ, સતિષ નટવર દરજી, નિલેશ બાબુ પટેલની ધરપકડ કરી લીધી છે. જ્યારે પાંચ શખ્સો નાસી છુટવામાં સફળ રહ્યા હતા. રાજુ વિષ્ણુ પટેલ, પ્રફુલ ઉર્ફે ગેંડો સોમા પટેલ, કનુ રામા પટેલ, સતિષ અમરત પટેલ અને રોહિત ગાંડા પટેલ આ પાંચેય શખ્સો વોન્ટેડ છે તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે. રાંધેજામાં દરોડો પાડી પોલીસે રોકડ રૂ. ૧૩,૮૦૦, ૩ મોબાઈલ અને ૩ વાહનો મળી કુલ રૂ. ૬૫,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બંને દરોડામાં રૂ. ૬૬,૭૦૦નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો છે.

## એક બકરી બે પરીવારોને પોલીસ સ્ટેશન લઈ ગઈ..!

# બકરી પડોશીના ઘરમાં ઘુસી જતાં ધમાલ

**પેથાપુરના બંને પરીવારો ફરીયાદ કરવા પોલીસ સ્ટેશન પહોંચ્યા અને પોલીસ સ્ટેશન બહાર જ ધમાચકડી કરતા તમામને પોલીસે પુરી દીધા : બખેડો કરવા બદલ દસની ધરપકડ : બંને પરીવારોની સામસામે ક્રોસ ફરીયાદ**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરને અડીને આવેલા પેથાપુર ગામમાં આજે એક વિચિત્ર ઘટના બનવા પામી હતી. એક બકરી પડોશીના ઘરમાં ઘુસી ગઈ ને પડોશીએ બકરીને મારી..! બસ, આ મામલે થઈ ગઈ બબાલ...! બંને પરીવારો પોલીસસ્ટેશને પહોંચ્યા ને ત્યાં પોલીસ સ્ટેશન બહાર પણ ધમાચકડી મચાવી મુકતા પોલીસે બખેડો કરવા બદલ તમામને લોકઅપમાં પુરી દીધા..! બંને પરીવારોએ એકબીજા સામે ક્રોસ ફરીયાદ આપતા પેથાપુર પોલીસે ગુનો દાખલ કરી તટસ્થ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ પેથાપુર ખાતે સ્થિત મુલચંદ પાર્ક વિસ્તારમાં એક બકરી પડોશીના ઘરમાં જતી રહી હતી. આ બકરીને પડોશી મારી એટલે જેની બકરી હતી તે ઉશ્કેરાઈ ગયા ને બકરી બાજુ પર મુકાઈ ગઈ..! બે પરીવારો સામસામે આવી ગયા હતા. એક બકરી બે પરીવારોને પોલીસસ્ટેશન લઈ ગઈ અને એકબીજા સામે ફરીયાદ કરવા બંને તૈયાર થઈ ગયા હતા. આખરે એકવાર સમાધાન થઈ જતાં બંને પરીવાર પોલીસ સ્ટેશન બહાર નીકળી ગયા હતા. થોડીવારમાં ફરીવાર બંને પરીવારો ઉશ્કેરાઈ ગયા અને પોલીસ સ્ટેશન બહાર જ બખેડો કરી મુક્યો ને મારામારી પર ઉતરી આવ્યા હતા. પોલીસ સ્ટેશન બહાર બખેડો કરવા બદલ પેથાપુર પોલીસે કલમ ૧૬૦ મુજબ બંને પરીવારના ૧૦ શખ્સોની ધરપકડ કરી દશેયને લોકઅપમાં પુરી દીધા હતા. મહેતાબ મનસુરી, સુલતાન મનસુરી, રાજા મનસુરી, મહમ્મદ ઈશરત મનસુરી, જનેશા મનસુરી, આફતાબ મનસુરી, મહમ્મદ સોહરાબ મનસુરી, હકીમ મનસુરી, મહમ્મદ સાબીર મનસુરી સહિત દશની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારબાદ મારામારી બદલ બંને પક્ષની ફરીયાદ લઈ પેથાપુર પોલીસે ગુના નોંધી તટસ્ટ તપાસ શરૂ કરી છે.

## ખૂણે ખાંચરેથી...

● જિલ્લા પંચાયતની આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા ઘ-૫ મધુર ડેરી પાર્લર અને એસ.ટી.ડેપો ખાતે વાઈરલ રોગો સામે પ્રતિકારાત્મક શકિત વધે તે માટે ઉકાળાનું વિતરણ કરવામાં આવશે.

● આજે રજાના દિવસે પણ જિલ્લા પંચાયતની વિવિધ કચેરીઓ કાર્યરત રહી હતી અને આગામી દિવસોમાં યોજાનાર સ્વચ્છતા મિશન અને નિમણુંક પત્ર વિતરણ કાર્યક્રમોના આયોજનોને આખરી ઓપ આપ્યો હતો.

● શ્રાવણ માસના અંતિમ દિવસે આજે જિલ્લાભરના વિવિધ ગામોમાં શિવ મહાપૂજાના કાર્યક્રમો યોજાયા હતા અને સાંજે ભોજનના પ્રસાદમાં લાડુનું ભોજન પીરસાયું હતું.

● ભાદરવી પૂનમના અંબાજીના મેળામાં મા ના દર્શને જતા પદયાત્રીઓની યાત્રાનો આજથી આરંભ થશે.

● પૂર્વશિક્ષણમંત્રી સ્વ. નલિન ભટ્ટની દ્વિતિય પુણ્યતિથિએ કસુંબલ ડાયરાનો કાર્યક્રમ યોજાયો હતો.

● શ્રાવણના છેલ્લા રવિવારે અક્ષરધામ ખાતે હરિભકતોની ભારે ભીડ રહી હતી. આ શ્રાવણ દરમિયાન સત્સંગ સભામાં પ્રિય સ્વરૂપ સ્વામી, સદગુરુ સંત શ્રી પૂ.ઘનશ્યામ ચરણ સ્વામી, અક્ષર વત્સલ સ્વામી, શ્રુતિ પ્રકાશસ્વામી અને આનંદ સ્વરૂપ સ્વામીએ કથા વાંચન સાથે સત્સંગીઓને બોધ આપ્યો હતો.

● ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૩ વર્ષ દરમિયાન ૭૫ થી વધુ સ્વરોજગાર યોજના સહાયની સમજ આપતા મેળાનું આયોજન રોજગાર વિનિમય કચેરી દ્વારા કરવામાં આવ્યું છે.

# ગાંધીનગરના યુવાન હિમાંશુએ બોલીવુડમાં ડંકો વગાડ્યો




ગાંધીનગર તા.૧૩

મુંબઈની ફિલ્મ નગરીમાં ગુજરાતીઓનો ફાળો મહત્વનો છે. બોલીવુડ હોય કે ટેલીવુડ ગુજરાતીઓ અગ્રેસર હોય છે. માયાવી નગરી મુંબઈમાં બોલીવુડ ક્ષેત્ર ટફ હોય છે. ત્યારે ગાંધીનગરના યુવાન હીમાશું ચોકસીએ પોતાના અભિનયના ઓજસ પાથરી બોલીવુડમાં સારી એવી નામના મેળવી છે.

ગાંધીનગરના સેકટર-૧૨સી. પ્લોટ નં-૩૬૦-૨ એ માં રહેતા સુર્યકાંત ચોકસી ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટમાં ફરજ બજાવે છે. અને પોતાના પરિવાર સાથે છેલ્લા ઘણા વર્ષોથી નગરમાં વસવાટ કરે છે. સુર્યકાંતભાઈનો દિકરો હિમાંશુ ચોકસી કે જે શહેરની સિધ્ધાર્થ લૉ કોલેજમાં અભ્યાસ કરતો હતો. પરંતુ હિમાંશુના રગે રગમાં અભિનયનો કિડો દોડાદોડ કર્યા કરે. હિમાંશુ પોતાની કેરીયર બનાવવા જયાં દરેક લોકો દોડ લગાવે છે. ત્યાં મુંબઈની વાટ પકડી લીધી. છેલ્લા ચાર વર્ષથી મુંબઈમાં રહેતા હિમાંશુને પ્રારંભમાં થોડી ઘણી મુશ્કેલી વેઠવી પડી હતી.પરંતુ બાદમાં હિમાંશુની ગાડી પુરપાટ ઝડપે આગળ વધવા લાગી. શરુઆતના સમયમાં લેકમે ફેશન શૉ માં મોડલીંગનું કામ કર્યુ.બાદમાં ગન્સ ઓફ ગુજરાતમાં ગેન્ગસ્ટર શ્રીકાંત પ્રજાપતિની ભુમીકા એટલી હદે સાથે કામ કરતાં મિત્રોને પસંદ આવી કે તેને અત્યારે મુંબઈમાં શ્રીકાંત કહીને બોલાવે છે. થોડાક સમયમાં આ ફિલ્મ રિલીઝ થવાની તૈયારીમાં છે. હિમાંશુ પાસે હાલના સમયમાં બે હીન્દી ફિલ્મોમાં અભિનયનું કામ છે તેમાં ધ સિનેમા હોલ હોરર મુવી છે. જેમાં તેની સાથે સાથી કલાકારમાં શારાખાન,એજાજખાન,મુન્ના ભાઈ એમ.બી.બી.એસના ડોકટર રુસ્તમનું પાત્ર નિભવનાર કુરેશ દેબુ,વિરેન સકસેના જયારે બીજી ફિલ્મ ચીન્કી વિડ્સ ચિમ્પું લવ સ્ટોરી ફિલ્મ છે. જેનું શુટીંગ ટુંક સમયમાં શરુ થવાનું છેં.ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં હિમાંશુ એ જણાવ્યું કે બોલીવુડના લોકો રંગીન સપના જોતા હોય છે. પરંતુ તેટલું આસાન નથી. સ્ટ્રગલ કરવું પડે છે. પરંતુ ટેલેન્ટ હશે તમારામાં તો ચોક્કસ કામ મળશે. બોલીવુડની વાતચીતમાં વધુ કહ્યું હતું કે ફિલ્મી બ્રેક ગાઉન્ડ હોય તો રોલ તુરંત મળે છે. ફિલ્મમાં ચમકવા ઈચ્છતા કેટલાંક યુવાનો પોતે ઈન્વેરસ્ટ કરીને પણ ફિલ્મ બનાવે છે. ગુજરાતીઓ બોલીવુડમાં આગવું સ્થાન ધરાવે છે. પ્રોડયુસર, ડાયરેકટર, નિર્માતા, સહિત મ્યુઝીક ડાયરેકટર પણ ગુજરાતી છે. અત્યારના સમયમાં ગુજરાતી ભાષા, ગીત,સ્ટાઈલ,ની બોલબાલા છે. હિમાશું કહે છે કે આ ફિલ્ડ ખુબ સારું છે. લોકોની વાતોમાં આવી દોરવાઈ જવું નહિ. કોઈ કહે તુ એકટર જેવો લાગે છે તો મુંબઈ પહોંચી જવું નહિ ટેલેન્ટ હોય તો જરુર આવો મુંબઈ સારા એકટરોની રાહ જોવે છે.કારણ કે આ લાઈનમાં ઘણા બધા ફ્રોડ હોય છે. તમને હિરો બનાવું પિકચરમાં કામ અપાવું

● અનુસંધાન પાના - ૭ પર

## ક્ષમા : રાખો, માંગો અને આપો

પરમપુજ્ય આચાર્યશ્રી અરુણોદયસાગર મહારાજ સાહેબની અમૃત વાણી

### પ્રભુ મહાવીર સ્વામી જન્મ વાંચન દિન

પર્વના કાર્યો-ધાર્મિક પર્વોના કાર્યો આત્મ ચેતનાને જાગૃત કરવાના હોય છે. પણ આત્મ ચેતનાની જાગૃતિને સમજી શકે અને તે માટે પ્રયત્ન કરી શકે તેવો વર્ગ સીમિત હોય છે. છતાંય આ વર્ગની સાધના પર્વનો મહિમા ધબકતો રાખે છે. આજે પણ પર્વ પર્યુષણ ઘણાં લોકોમાં પરિવર્તન-પરિવર્ધન અને પૂર્ણતાની આહેલક જગાવે છે.




આખી યુનિવર્સિટીનું ધ્યાન સહુથી પ્રથમ નંબર વધુમાં વધુ તો દસ નંબર સુધી કોના નંબર આવે છે તે જોવાની ઉત્સુકતા હોય છે. માત્ર ૧૦ સર્વોત્તમ વિદ્યાર્થી હોય તો પણ યુનિવર્સિટી ચાલે છે. આમ ધર્મક્ષેત્રમાં પણ અસામાન્ય પ્રજ્ઞાવાળા ઓછા જ હોય છે. બાકીનો વર્ગ ધીમે ધીમે મુલ લક્ષ્યને સમજે છે. પણ આવા વર્ગને નિરંતર મુળ લક્ષ્ય સાથે જોડી રાખવા તે પર્વનું આયોજન હોય છે. એટલે જ પર્યુષણના, નવરાત્રિના કે નાતાલના અથવા ૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વમાં પણ મનોરંજન દ્વારા મનોમંથન સુધી લઈ જવાની પ્રક્રિયા છે. પર્યુષણ પર્વમાં આ એક જ દિવસ જાણે પુષ્ટ અને પવિત્ર મનોરંજનો છે. આ દિવસે તમામ ઉપાશ્રયો લગભગ નાના પડે છે. સ્વપ્ન ઉતારવાની અને પારણું ઝુલાવવાની ક્રિયામાં બાળકથી માંડીને વયોવૃદ્ધો સહુનો એક સરખો લહાવો મળતો હોય છે.

**પર્યુષણ પાંચમો દિવસ**

આ દિવસ ચૈત્રસુદ-૧૩નો નથી જ. આ દિવસે પ્રભુ મહાવીરનો જન્મ નથી જ પણ પ્રભુ મહાવીર સ્વામીનું ચારિત્ર જે કલ્પસુત્રમાં લખ્યું છે તેમાં પ્રભુ મહાવીરના જન્મનું વાંચન છે. એટલે આ દિવસે જન્મવાંચન થાય છે. પણ સેંકડો વર્ષની પુષ્ટ પંરપરામાં અનેરી તાકાત હોય છે. તેથીઆ જન્મ વાંચનનો મહોત્સવ પણ મહાવીરના જન્મદિન કરતાં પણ મહાન ઉત્સવથી ઉજવાય છે. "કલ્પસુત્ર"નું પોતાનું વાંચન જ પ્રભાવિક અને ચમત્કારિક હોય છે. પણ જન્મવાંચનનો પાઠ તો અતિપ્રભાવિક હોય છે. અમે કલ્પી ન શકાય એવી કેટલીક ઘટનાઓ જન્મવાંચનના વખતે અનુભવી છે. ઘણાંએ અનુભવી જ હશે. પણ આ દિવસનું વાતાવરણ ઉત્સાહમય ઉમંગ-દાનની ગંગાના પ્રવાહમય હોય છે. કોઈપણ જૈનનો નાનો બાળક પણ આ દિવસે ધર્મસ્થાનમાં હાજર ન હોય તેવું બનતું નથી.

મોક્ષેલક્ષી આ જિનશાસને પરમાર્થથી સમજેલા અનેક વિદ્વાનો આવા મંગલમય દિવસને હજુ પણ વધુ સુંદર પરિણામજનક બને તેવી વિચારના અને આયોજનો કરવા ધારે છે. સમાજથી દોરાય જવું તે નેતાઓનું કામ નથી. સમાજને સુયોગ્ય માર્ગે દોરવા તે નેતાઓનું કાર્ય છે. શાસનના હિતચિંતકોએ દ્રવ્ય-ક્ષેત્ર કાલ અને ભાવોને જરૂરી લક્ષ્યમાં લેવા જોઈએ. મનોરંજને મનોમંથનમાં... આનંદનેઆયોજનમાં ઉત્સાહનો વિવેકમાં જોડવાની જરૂર છે.

પ્રભુના જન્મવાંચન સમયે જાણે જન્મ મહોત્સહ હોય તેવો ઠાઠ હોય છે. ત્યારે અંતરચેતના સહુની પોકાર કરે જ કે સિદ્ધાર્થના પુત્ર જો મહાવીર બની શકે તો આપણે પણ પ્રાણીમાત્રનું હિત થાય તેવું જીવન કેમ ન બનાવી શકીએ? પ્રભુને તો જાતને ગાળીને-ઓગાળીને જગતને પ્રકાશમય બનાવ્યું તો પ્રભુનો જન્મ ઉત્સવ આપણે કેમ જગતમાં પ્રભુનો પ્રકાશ ન પાથરી શકીએ? ૧૪ સ્વપ્નો એક પછી એક ઉતરે અને જન્મવાંચન થતાં એક ભવ્ય આનંદ ઉદઘોષ થાય ત્યારબાદ સહુ પ્રભુજીના પારણાને ઝુલાવા માંડે આ ઉત્સાહ અને ઉંમગ પર્વાધિરાજની અનેરી શોભા છે. બસ, આપણે સહુ આ જન્મવાંચનના દિવસે અંતરમાં અનંત શક્તિ લઈને બેઠેલા "મહાવીર"ને પ્રગટ કરવા કટિબદ્ધ બનીએ.

# કોલવડાની સીમમાંથી દેશી બંદૂક સાથે ત્રણ પકડાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક કોલવડા ગામની સીમમાં ત્રણ શખ્સો દેશી બનાવટની બંદૂક સાથે ફરતા હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે ત્રણેયને આજે સવારે પકડી લીધા હતાં. એકની પાસેથી બંદૂક અને બીજા બે પાસેથી છરા તથા મોટા ચપ્પા મળી આવતા પોલીસે જપ્ત કરી ગુનો દાખલ કરીને સઘન પુછપરછ શરુ કરી છે. ત્રણેય શખ્સો ડફેર હોવાનું પ્રાથમિક તપાસમાં ધ્યાને આવ્યું છે.

પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળા તથા તેમની ટીમે બાતમીના આધારે કોલવડા ગામની સીમમાંથી ગેરકાયદે દેશી બનાવટની બંદુક લઈને ફરતા ત્રણ શખ્સોને પકડી પાડયા હતાં. કોલવડા ખાતે રહેતા હુસેન ગુલાબભાઈ બલોચ પાસેથી દેશી બંદુક મળી આવી હતી.

જયારે હકીમ ગુલાબભાઈ બલોચ અને મહમ્મદ ઈસ્માઈલ બલોચ પાસેથી બંદુકના છરા તથા બે મોટા ચપ્પાઓ મળી આવ્યા હતાં. લાયસન્સ વગર દેશી બંદુક રાખનાર ત્રણેય સામે આર્મ્સ એકટનો ગુનો દાખલ કરી હથિયારો જપ્ત કરીને પેથાપુર પોલીસે ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે. ખેતરમાં પાકને નુકશાન કરતા પ્રાણીઓને મારવા તથા પાકની રખેવાળી કરવા માટે હથિયાર રાખતા હોવાનું પ્રાથમિક પુછપરછમાં પોલીસને જાણવા મળ્યું છે.

# સબ એકાઉન્ટન્ટ તથા સબ ઓડિટરની સ્પર્ધાત્મક પરીક્ષામાં ૬૫ ટકા ઉમેદવારો ગેરહાજર

**મોટા પ્રમાણમાં ઉમેદવારોના કોલ લેટર ડાઉનલોડ ન થતા પાંખી હાજરી : અમદાવાદ-ગાંધીનગરના ૧૫૪ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન : પેપર સામાન્ય રહેતા ઉમેદવારો હળવાશના મૂડમાં જોવા મળ્યા**

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આજે અમદાવાદ અને ગાંધીનગરના કુલ ૧૫૪ પરીક્ષા કેન્દ્ર પર સબ એકાઉન્ટન્ટ અને સબ ઓડિટરની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ૬૫ ટકા ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. મોટા પાયે ઉમેદવારોની ગેરહાજરીને છોડી પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા થોડા સમય અગાઉ સબ એકાઉન્ટન્ટ અને સબ ઓડિટર ની ૨૦૦ જગ્યાઓ માટેની ઓએમઆર પધ્ધતિવાળી લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા માટે લાયક ઉમેદવારો પાસે અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં કુલ ૫૧,૩૦૪ ઉમેદવારોએ અરજી કરી હતી.

આજે સબ એકાઉન્ટન્ટ અને સબ ઓડિટર માટેની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા માટે પસંદગી મંડળ દ્વારા ગાંધીનગરમાં ૪૨ અને અમદાવાદમાં ૧૧૨ મળી કુલ ૧૫૪ પરીક્ષા કેન્દ્રો પર આ પરીક્ષા લેવામાં આવી હતી. બપોરના ૧૨ થી ૨ કલાક દરમિયાન લેવાયેલી પરીક્ષાના પ્રશ્નપત્રમાં કુલ ૨૦૦ ગુણ પુછવામાં આવ્યા હતા. પરંતુ આજની આ પરીક્ષામાં નોંધાયેલા ૫૧,૩૦૪ ઉમેદવારો પૈકી માત્ર ૧૭,૭૨૨ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. એટલે ૬૫ ટકા ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા.

આજની આ લેખિત પરીક્ષામાં એકાઉન્ટન્ટ, સામાન્ય અભ્યાસ, અંગ્રેજી અને વર્તમાન પ્રવાહો વિષયના પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. એકંદરે પેપર સામાન્ય નીકળતા ઉમેદવારો હળવાશના મુડમાં જોવા મળ્યા હતા તો કયાંક સમય ખૂટયો હોવાની પણ ચર્ચા ઉમેદવારો કરી રહ્યા હતાં. આમ માત્ર ઉમેદવારોની ગેરહાજરીને છોડીને સમગ્ર પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી.

# શિકાગોથી આવેલા પ્રકાશ પટેલનું અઠ્ઠઈ તપ

ગાંધીનગર, તા.૧૩

રાજયભરમાં જૈન સમુદાય દ્વારા પર્યુષણ પર્વની આરાધના કરવામાં આવે છે. દેરાસરોમાં શ્રાવક-શ્રાવિકાઓ ગુરુજીનું પ્રવચન સાંભળવા વહેલી સવારથી દેરાસરમાં પહોંચી જાય છે ત્યારે મહેસાણા જિલ્લાના ૫૨ વર્ષીય પટેલભાઈ પણ નગરના સે-૨૨ જૈન દેરાસરમાં અઠ્ઠઈનું તપ કરી રહ્યા છે.

ગાંધીનગર નજીક આવેલા મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાના જાકાસણા ગામના પ્રકાશભાઈ પટેલ (ઉ.વ.૫૨) જેઓ વર્ષોથી શિકાગો ખાતે સ્થાઈ થયા છે. પ્રકાશભાઈના પરિવારમાં એક દિકરો બે દિકરી છે. પ્રકાશભાઈને વર્ષોથી અનેક વ્યસન હતા જે તેમનાથી છુટતા નહોતા. પરંતુ પ્રકાશભાઈ પદમાવતી નગર ખાતે પદમાવતી માતાજીનું મંદિર ભોંયણીની બાજુમાં છે ત્યાં તેમના ગુરુ ઈન્દ્રવિજય સેનજી મહારાજ (માલેગાવ) ધર્મગુરુના સાંનિધ્યમાં આવ્યા બાદ તેમના મનને શાંતિની અનુભુતિ થઈ. ગુરુના મળવાથી તેમનામાં તપસ્વીપણું બહાર આવ્યું છે. છેલ્લા કેટલાય વર્ષોથી તેમણે પોતાના વ્યસનનો ત્યાગ કર્યો છે.

શિકાગોથી પ્રકાશભાઈ ૧ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર આવ્યા છે. જૈન દેરાસર ખાતે બિરાજમાન આચાર્ય અરણોદય સાગર મહારાજને મળ્યા બાદ તેમણે અઠ્ઠઈ તપ કરવાનું જણાવ્યું. ગુરુજીના આદેશથી તેઓ અઠ્ઠઈ તપ કરે છે. ગુરુદેવ બેઠા છે થઈ જશે. જૈન દેરાસરમાં તેઓ તપ કરી રહ્યા છે. તેમની સાથે અન્ય નાના બાળકો પણ આ પવિત્ર પર્યુષણ પર્વમાં તપ અને આરાધના કરી રહ્યા છે. જૈન દેરાસરમાં તપ કરતા નાના બાળકને પુછવામાં આવ્યું કે 'તપસ્વી સાતામાં' ત્યારે નાના તપ કરતા બાળકે સસ્મિત ચહેરે જવાબ આપ્યો 'દેવ ગુરુ ધર્મની કૃપા' નો મતબલ ભગવાન, ગુરુ અને ધર્મની કૃપાથી મારું તપ સફળ થશે. છેલ્લા ઘણા વર્ષોથી અઠ્ઠઈ તપની મનોકામના રાખીને બેઠેલા પ્રકાશભાઈ તપ કરી ગુરુજીના આર્શીવાદથી મારી મનોકામના પૂર્ણ થશે તેવા મકકમ મનોબળથી દેરાસરમાં અઠ્ઠઈ તપ કરી રહ્યા છે.

## સર્વ વિદ્યાલય કેમ્પસમાં આઈએસ તાલીમની પરીક્ષા લેવાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની કડી સર્વ વિદ્યાલય દ્વારા સંચાલિત શાળાઓના વિદ્યાર્થીઓને સંયુકત રીતે આઈએએસની ટ્રેનીંગ આપી શકાય તે હેતુસર શાળાના વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા યોજાઈ હતી. જેમાં એસ.જી. ઈંગ્લીશ મિડિયમ પ્રાયમરી સ્કુલના ૨૬૬ વિદ્યાર્થીઓએ આઈ.એ.એસ. પ્રવેશ પરીક્ષામાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની તૈયારી બતાવી હતી તેમજ પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓ માટે આગામી દિવસોમાં આઈએએસ પરીક્ષાની તાલીમનું પણ આયોજન કરવામાં આવશે.

**રક્તદાન મહાદાન**



# રાજભવન ખાતેથી દુર્લભ રસેલ્સ કુકરી સાપ પકડાયો

ગાંધીનગરના 'જ' માર્ગ પર સ્થિત રાજભવન ખાતેથી રસેલ્સ કુકરી પ્રજાતિનો સાપ સ્નેક લવર્સના સભ્ય તિર્થરાજસિંહ જાડેજાએ પકડ્યો હતો. શહેરમાં રસેલ્સ કુકરી પ્રજાતિનો સાપ ભાગ્યે જ જોવા મળે છે. શહેરના ઈન્દ્રોડા, પુનિતવન, રાજભવન, બોરીજ વિસ્તારમાં આ સાપ જોવા મળે છે. ન્યુ બોર્ન સમયે સાપની લંબાઈ ૭.૫ થી ૧૨ સે.મી. હોય છે. ૪૫ સે.મી. સાઈઝનો રસેલ્સ કુકરી મોટા ભાગે હોય છે. પરંતુ ૫૯ સેમી.નો રસેલ્સ કુકરી નોંધાયેલો છે. ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં આ પ્રજાતિના સાપ જોવા મળે છે, પરંતુ દરેક દેશમાં આ સાપના નામ અલગ અલગ હોય છે. બિનઝેરી રસેલ્સ કુકરી શાંત હોય છે. તેને પકડતી વખતે એટેક કરે છે. પંરતુ એક-બે વાર પ્રયત્ન કરવા છતાં છુટી ના શકે એટલે ઠંડો પડી જાય છે. તેમ તિર્થરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

## રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા હિન્દી દિવસ પર વ્યાખ્યાન અને રેલી

ગાંધીનગર, તા.૧૩

રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ ગાંધીનગર દ્વારા હિન્દી દિવસ પર વ્યાખ્યાન અને રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે. નવા પ્રમુખ યુવરાજસિંહના માર્ગદર્શન હેઠળ નવી ટીમ તથા નવા સભ્યો 'માનવ સેવા એ જ પ્રભુ સેવા' અને 'સ્વ પહેલા સેવા' આ વિચારધારાથી કાર્ય નિઃસ્વાર્થ સેવા અને મૈત્રી ભાવના વડે સમાજ સેવાની પહેલ કરી છે. પ્રમુખસ્થાનેથી હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર માટે શૈક્ષણિક વર્ષ ૧૫-૧૬માં શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં હિન્દી ભાષાના પ્રચાર અને ભાષાનું મહત્વ વધારવા માટે વિવિધ સ્પર્ધાઓ, વકતૃત્વ સ્પર્ધા, હિન્દી ભાષાના પ્રચાર નાટકો, ચર્ચા સભાઓ અને જ્ઞાન કસોટીઓ યોજવામાં આવશે. પ્રમુખ યુવરાજસિંહ વાઘેલાએ જણાવેલ છે કે ગાંધીનગરમાં રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચાર પ્રસાર માટે હિન્દી સાહિત્યના પ્રખર સાહિત્યકારો, સાહિત્ય રસિકો શહેરી સામાજીક સંસ્થાના વડાઓ તેમજ પ્રતિષ્ઠિત નગરજનોને પણ જોડાવવા માટે અનુરોધ કરવામાં આવશે.